કોરોના અનિયંત્રિત : જિલ્લામાં નવા ૧૩૯ કેસ

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં ૭૨ કેસ અને શહેરમાં ૬૭ કેસ નોંધાયા

ગાંધીનગરમાં ૬ વર્ષના બાળક સહિત ૩૭ કેસ; કલોલમાં ૪ વર્ષની બાળા સહિત ૧૭ કેસ; દહેગામમાં ૭ કેસ; માણસામાં ૧૧ કેસ : શહેરમાં આજે સે. ૩ માંથી ૧૦ કેસ, સે. ૧૪ માંથી ૮ કેસ, સે. ૨૯ અને સે. ૨૬ માંથી ૭-૭ કેસ, સે. ૨૨ માંથી ૫ કેસ, સે. ૫ માંથી ૪ કેસ, સે. ૧૩, ૨૭ અને સે. ૪ માંથી ૩-૩ કેસ, સે. ૩૦, ૩-એ-ન્યુ અને સે. ૨૩ માંથી ૨-૨ કેસ તેમજ સે. ૬, ૨૦, જીઈબી, ૧૬, ૧૨, ૨૪ અને સે. ૭ માંથી એક-એક કેસ મળી આવ્યા :

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં કોરોના કહેરની સ્થિતિ દિવસે-દિવસે વધુ ને વધુ વણસી રહી છે. જિલ્લામાં આજે ૧૩૯ જેટલા કેસ કોરોનાના નવા મળી આવ્યા છે.

તંત્ર પણ જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ હવે લાચારીની સ્થિતિમાં આવી ગયુ છે. શહેર-જિલ્લામાં હોસ્પિટલોમાં હાઉસફુલના બોર્ડ ઝુલી રહ્યા છે. તંત્ર દ્વારા ટેસ્ટીંગનું પ્રમાણ પણ વધારવામાં આવ્યુ છે.

જિલ્લામાં આજે ગાંધીનગર શહેરમાં ૧૬૦૦ થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૨૫૦૦ થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જિલ્લામાંથી ૧૬૦૦ જેટલા આર.ટી.પી.સી.આર. ટેસ્ટ માટે નમૂના લઈ અને પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની દોડધામમાં વધારો થવા પામ્યો છે. જિલ્લાના અંતરિયાળ ગામોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી રહી છે. ગ્રામ્ય વિસ્તારના દર્દીઓની સંખ્યા વધતાં હોમ આઈસોલેશન અને સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન અસરકારક રીતે થાય તે જોવાની સૂચનાઓ તંત્ર દ્વારા આપવામાં આવી છે.

જિલ્લામાં આજે ગ્રામ્ય વિસ્તારમાં ૭૨ કેસ અને ગાંધીનગર શહેરમાં ૬૭ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૭ કેસ, કલોલમાં ૧૭ કેસ, માણસામાં ૧૧ કેસ અને ગાંધીનગરમાં ૩૭ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૪ મહિલા દર્દી, પાંચ કર્મયોગી, બે નિવૃત્ત કર્મયોગી, ૬ ખેડૂત અને ૬ વિદ્યાર્થીઓ સંક્રમિત થયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બે બાળકો પણ સંક્રમિત થયા હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગાંધીનગર તાલુકાના સરગાસણ ગામેથી ૬ વર્ષનું બાળક અને કલોલ તાલુકાના પ્રતાપપુરા ગામેથી ૪ વર્ષની બાળા સંક્રમિત થયેલા જણાયા છે. જિલ્લામાં છેલ્લા થોડા દિવસોથી બાળકો સંક્રમિત થઈ રહ્યા હોવાની વાતને લઈ તંત્ર વધુ હચમચી જવા પામ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ હવે પરિવારો સંક્રમિત થઈ રહ્યા હોવાની વાત ધીમે ધીમે ઉજાગર થઈ રહી છે. જિલ્લામાં આજે પણ ૪૦૦ થી વધુ કન્ટેનમેન્ટ ઝોન હોવાનું તંત્રના અધિકારીઓ કહી રહ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં ઝડપથી સંક્રમણ વધી રહ્યુ હોવાથી તંત્રની ચિંતા વધી છે. જો કે બીજી તરફ ગ્રામ્ય વિસ્તારોમાં વધતા જતા સંક્રમણને પગલે ગ્રામીણ બજારોએ સ્વયંભુ લોકડાઉનના નિર્ણયો પંચાયતો સાથે પરામર્શમાં લઈ જાહેર કરવા માંડ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો પૈકી નવ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યારે અન્ય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

દહેગામ તાલુકામાં આજે સાત કેસ નોંધાયા છે. આ પૈકી ૩ કેસ દહેગામ અર્બન વિસ્તારમાં નોંધાયા છે. આ ઉપરાંત પીપળજ, નવા બાદલપુરા, હાલીસા, સાણોદામાંથી પણ એક-એક કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકાના વાસણા હડમતિયા, પેથાપુર, ઉનાવા ગામેથી ૨-૨ કેસ, વાવોલ અને સરગાસણ ગામેથી ૬-૬ કેસ, રાયસણ ગામેથી ૫ કેસ, કુડાસણમાંથી ૪ કેસ મળી આવ્યા હોવા ઉપરાંત ભૂંડિયા, લેંકાવાડા, અડાલજ, કોલવડા, ભાટ, રાંદેસણ, ઉવારસદ ગામેથી એક-એક કેસ તો મોટા ચિલોડા ગામેથી ૩ કેસ મળી આવેલ છે.

સરગાસણ ગામેથી ૪ મહિલા દર્દી ઉપરાંત એક ૬ વર્ષનું

અનુસંધાન પાના ન.૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૪૭૦ થી વધુ દર્દીઓથી હાઉસફુલ

ગાંધીનગર મુક્તિધામ અને રૂદ્રભુમિ ખાતે ૭૬ મૃતકોના અગ્નિસંસ્કાર થયા, તે પૈકી કોરોના પોઝીટીવ ૩૭ મૃતદેહની અંતિમ વિધી કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

કોરોના ચો તરફ હાહાકાર મચાવી રહ્યો છે.રાજયમાં કોરોનાનો વ્યાપ રોજ બરોજ વધતા જાય છે. રાજયમાં શુક્રાવારના રોજ પણ ૮૯૨૦ કોરોનાના દર્દીઓ નવા નોંધાયા છે. જયારે ૯૪ દર્દીઓએ અંતિમ શ્વાસ લીધા છે. ત્યારે ગાંધીનગરમાં પણ કોરોના પોઝીટીવ દર્દીઓનો આંકડો સતત વધી રહ્યો છે. રાજયના પાટનગરમાં ૧૪૨ કેસ નવા સામે આવ્યા છે. ત્યારે શહેરની કોવીડ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. ૬૦૦ બેડની હોસ્પિટલને કોવીડ હોસ્પિટલમાં ફેરવી દેવાઈ છે. જયારે આઈસીયુ અને હિમોડાયાલિસિસ વિભાગ પણનું સ્થળ પણ બદલી દેવાયું છે. સિવિલમાં ૧ થી ૮ માળમાં ૪૭૦ થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જેમાં ૧૮૦ થી વધુ દર્દીઓ ઓકિસજન, બાયપેપ અને વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે. છેલ્લા કેટલાક દિવસથી ઓકિસજનની જરુરીયાતવાળા દર્દીઓને એડમીટ કરવામાં આવતા નથી. દર્દીઓ ૧૦૮માં સારવાર લઈ બેડ ખાલી થાય તેની રાહ જોવે છે. ત્યારે કોરોનાનો આતંક યથાવત રહેવા પામ્યો છે. શહેરમાં કોરોના મૃત્યુઆંક પણ સતત વધતો જતો દેખાઈ રહ્યો છે. શહેરની સ્થિતિ કાબુ બહાર જતી રહી છે. શહેરમાં ખાનગી હોસ્પિટલો પણ દર્દીઓથી ભરચક છે.શહેરની સરકારી તેમજ ખાનગી હોસિપટલમાં બેડ ખુટી પડ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરમાં નાના થી મોટી વયના વ્યકિત પણ કોરોનાની ઝપેટમાં આવી જાય છે. ત્યારે શહેરના મુકિતધામ અને રૂદ્રભુમિ ખાતે કુલ ૭૬ મૃતદેહની અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. તે પૈકી કોરોના પોઝીટીવ ૩૭ મૃતદેહની અંતિમવિધી કરાઈ છે. ત્યારે શહેરના મુકિતધામ ખાતે પણ લાંબી લાઈનો લાગેલી જોવા મળે છે.

મુકિતધામ ખાતે મૃતદેહોની લાઈનો લાગી

કોરોના સંક્રમણના કેસ સતત વધી રહ્યા છે. શહેરની કોવીડ હોસ્પિટલ દર્દીઓથી ભરાઈ ગઈ છે. ૪૭૦ થી વધુ દર્દીઓ કોરોનાના સારવાર મેળવી રહ્યા છે. ત્યારે ગાંધીનગરમાં શુક્રવારના રોજ પણ નવા ૧૪૨ દર્દીઓ સામે આવ્યા છે. કોરોના ના વ્યાપ વધતો જાય છે તેમ તેમ મૃત્યુઆંક પણ ઉંચે જઈ રહયો છે. ત્યારે ગાંધીનગર મુકિધામ ખાતે મૃતદેહોની લાંબી લાઈનો લાગે છે. અંતિમવિધી માટે પણ સ્વજનોને કલાલો સુધી ઉભા રહેવાની ફરજ પડે છે.

શહેરમાં કોવિડથી મૃત્યુ પામતા દર્દીઓમાં ''સાયકોલોજીકલ ડેથ''નો ઓછાયો..!!

જે દર્દીઓ જોખમ મુક્ત સ્થિતિમાં હોવા છતાં અચાનક તેમની તબિયત લથડે અને મોતને ભેટે તેવા કેસમાં ''સાયકોલોજીકલ'' કારણો જવાબદાર હોવાનું તારણ : પોતાની આસપાસ અન્ય દર્દીનું મોત કે સોશ્યલ મિડીયા પર નકારાત્મક પોસ્ટ વાંચીને માનસિક રીતે પડી ભાંગતા દર્દીઓ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં કોરોના મહામારીની બીજી લહેરે ભારે ઉત્પાત મચાવ્યો છે અને નાગરિકોમાં 'ફડક' પેદા કરી છે. અત્યાર સુધીમાં કોરોના કાળની સૌથી વિકટ પરિસ્થિતિએ પહોંચેલા આ વખતના સંક્રમણમાં મૃત્યુદર પણ વધી જવા પામ્યો છે. જો કે અત્યારે કોવિડ-૧૯ ની સારવાર લઈ રહેલા જે દર્દીઓના મૃત્યુ હોસ્પિટલના બિછાને થઈ રહ્યાં છે તેવા દર્દીઓમાં જેઓ જોખમી સ્થિતિમાંથી બહાર હોવા છતાં માત્ર પોતાની આસપાસ થયેલાં અન્ય દર્દીઓના મોત નિહાળીને કે અન્ય રીતે કોરોનાના કહેરથી ડરીને હિંમત ગુમાવી મોતને ભેટનારા દર્દીઓની સંખ્યા પણ નોંધપાત્ર છે. મતલબ કે માનસિક રીતે હિંમત હારીને ભાંગી પડતા દર્દીઓને જો યોગ્ય હૂંફ અને પ્રોત્સાહન પ્રાપ્ત થાય તો મૃત્યુઆંક ઘણો ઓછો થઈ શકે તેવુ જણાઈ રહ્યું છે.

શહેરની સિવિલ હોસ્પિટલ હોય, અન્ય સરકારી કોવિડ સેન્ટર હોય કે ખાનગી કોવિડ હોસ્પિટલ હોય દરેકમાં કેટલાંક સાજા થઈ જવા આવેલા દર્દીઓ જેઓને તબીબોએ જોખમમુક્ત જાહેર કર્યા હોય, તેમને આઈસીયુ કે વેન્ટિલેટર અથવા ઓક્સિજન સપ્લાયની જરૂર ના હોય તેવા દર્દીઓ જેમને હોસ્પિટલમાંથી રજા આપવાની તૈયારી કરાતી હોય છતાં અચાનક તેમની તબિયત વણસે કે હાર્ટ એટેક આવે અથવા બીપી વધી જાય જેવી સમસ્યા સાથે ફરી ક્રિટીકલ સ્થિતિમાં આવી મોતને

અનુસંધાન પાના ન.૭

કોવિડના દર્દીઓ પાસેથી સ્માર્ટ ફોન લઈ લેવો જોઈએ?

અત્યારે ચોતરફ સોશ્યલ મિડીયા પર માત્ર ને માત્ર કોવિડ સંબંધિત પોસ્ટની જ ભરમાર જોવા મળે છે જેમાં ક્યાંક કોરોના આંતરરાષ્ટ્રીય બ્લન્ડર હોવાની વાત હોય છે તો ક્યાંક કોરોનાની ભયાનકતાના સમાચાર જેવા કે એમ્બ્યુલન્સો અથવા શબવાહિનીઓની લાંબી કતારો કે રેમડેસિવિર કે ઓક્સિજનની તંગી વગેરે હોય છે. આ સાથે મોટા ભાગના પારિવારિક કે સામાજિક ગૃપમાં કોઈ સ્વજનના કે ગામના અગ્રણી અથવા મિત્ર વર્તુળના સભ્યના મૃત્યુના સમાચાર સતત ફ્લેશ થતાં રહે છે. આ સ્થિતિમાં જે દર્દી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં છે તેઓની પાસે પરિવારજનોના સંપર્ક અર્થે સાથે રાખેલ સ્માર્ટ ફોનમાં સમય પસાર કરતાં આ પ્રકારના સમાચારો વાંચીને દુઃખ, નિરાશા અને શોકનો ભોગ બને છે જે સાયકોલોજીકલ ડેથ તરફ ધકેલે છે તેથી હવે કોવિડના દર્દીઓ પાસેથી સ્માર્ટ ફોન લઈ લેવા જોઈએ તેવી પણ એક દલીલ પ્રવર્તી રહી છે.

શહેરમાં સંક્રમણ રોકવા લોકડાઉન અનિવાર્ય

સ્થાનિક કોર્પોરેટરો અને અગ્રણીઓ પણ લોકડાઉન આપવા માટે રજુઆત કરી રહ્યા છે : મૃત્યુઆંક વધતા કોરોના વધુ કાતિલ બન્યો છે આવા કપરા સંજોગોમાં લોકડાઉન સિવાય અન્ય કોઇ વિકલ્પ નથી

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં કાતિલ બનતા કોરોનાના લીધે મોતનુ તાંડવ સર્જાયુ છે. રોજબરોજ સંક્રમિતોની સંખ્યા વધી રહી છે. કોરોનાના દર્દીઓ વધી રહ્યા છે. ત્યારે હોસ્પિટલોમાં જગ્યા ખુટી પડી છે. દવા અને ઈન્જેકશન પણ ઉપલબ્ધ નથી. સ્મશાનમાં પણ અગ્નિસંસ્કાર માટે કતાર જોવા મળી રહી છે. આવા સંજોગોમાં હવે કોરોનાના વધતા સંક્રમણને અટકાવવા માટે લોકડાઉન અનિવાર્ય બન્યુ છે. આમ નાગરિકો જીવ ગુમાવી રહ્યા છે. ત્યારે આવા કપરા સંજોગોમાં કોરોનાના સંક્રમણને રોકવા શહેરમાં આંશિક લોકડાઉન આપવાની પહેલ કરવામાં આવે તેવી માંગણી પણ પ્રબળ બની છે.

ગાંધીનગરમાં પ્રતિદિન કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. કોરોનાના લીધે એકબાજુ વધતા સંક્રમિતોની સંખ્યાની સાથે મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. વધુ ઘાતક અને ભયાનક બનતા કોવિડે આતંક મચાવ્યો છે. ત્યારે આમ નાગરિકો આમ પણ ઘરની બહાર નિકળતા નથી ઘરની બહાર નિકળવામાં આમ પણ ખતરો મહેસુસ કરી રહ્યા છે. સંક્રમિતોની સંખ્યા વધી રહી છે. બીજીતરફ દવા , ઈન્જેકશન અને હોસ્પિટલોમાં બેડ પણ ખુટી પડયા છે. હોસ્પિટલોમાં વેઈટીંગ સિસ્ટમ ચાલી રહી છે. આમછતા પુરતા ઓક્સિજન બેડ નથી. રોજબરોજ દર્દીઓ વધતા ભયાવહ સ્થિતિનુ નિર્માણ થયુ છે. સ્મશાનમાં પણ મોટી કતાર જોવા મળે છે. અંતિમ સંસ્કાર માટે મૃતકોના દેહ કતારમાં જોવા મળે છે. આવા કપરા સંજોગોમાં હાલની સ્થિતિએ કોરોનાથી બચવા માટે ઘરમાં બેસી રહેવુ જ એક વિકલ્પ બચ્યો છે. ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી રાત્રિ કરફ્યુ છે. જયારે પાનના ગલ્લાઓ બંધ રાખવા માટે પણ સરકારે આદેશ આપી દીધો છે. આ ઉપરાંત નગરની વિવિધ સરકારી કચેરીઓમાં પણ કોરોનાનુ સંક્રમણ વધતા માત્ર ૫૦ ટકા કર્મચારીઓએ હાજરી આપવા સુચના આપવામાં આવી છે. આમછતા કોરોનાના કેસ હજુ સતત વધી રહ્યા છે. કોરોનાના નવ સ્ટ્રેઈન વધુ કાતિલ બન્યો છે. જેના લીધે મૃત્યુઆંક પણ ચિંતાજનક રીતે વધી રહ્યો છે. નગરના વેપારીઓ , કર્મચારીઓ અને અધિકારીઓ સહીત સંક્રમિત સેકટરવાસીઓ પણ જીવ ગુમાવી રહ્યા હોવાના સમાચાર રોજબરોજ ધ્યાને આવી રહ્યા છે. ત્યારે કાતિલ કોરોનાથી બચવા માટે હવે લોકડાઉન કરવુ અત્યંત અનિવાર્ય બન્યુ છે. કોરોનાના વધતા કેસને કાબુમાં લેવા માટે હવે લોકડાઉન સિવાય અન્ય કોઇ રસ્તો બચ્યો નથી. અલબત્ત કોરોનાન સંક્રમણને કાબુમાં લેવા લોકડાઉન અનિવાર્ય છે. કોર્પોરેશન વિસ્તારના વોર્ડ નં -૭ ના નગરસેવક રાકેશ પટેલે પણ શહેરમાં આંશિક લોકડાઉન લગાવવા માટે જિલ્લા કલેકટરને રજુઆત કરી છે.

સે-૪ અને સે-૫ માં ઘરે ઘરે કોરોનાના કેસ કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવા માંગ

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરના સેકટરોમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. ત્યારે સે-૪ અને સે-૫ માં પણ કોરોનાના કેસની સંખ્યા વધુ છે. આવા સંજોગોમાં આ વિસ્તારમાં કન્ટેમન્ટ ઝોન જાહેર કરવા માટે રજુઆત કરવામાં આવી છે. આ ઉપરાંત આ સેકટરોમાં જરૂરી સેનેટાઈઝેશન કરવા માટે પણ રજુઆતમાં જણાંવાયુ છે.

ગાંધીનગરમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. ત્યારે કોરોનાના લીધે કોરનાના દર્દીઓના મૃત્યુ પણ વધ્યા છે. ત્યારે સેકટરોમાં સંક્રમિત વિસ્તારોને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવા માટે આયોજન કરવુ અનિવાર્ય બન્યુ છે. આ અંગે વોર્ડનં - ૭ ના નગરસેવક રાકેશ પટેલે મ્યુનિ કમિશ્નરને રજુઆતમાં જણાંવ્યા મુજબ મહાનગરપાલિકાન નવા સીમાંકન મુજબ વોર્ડ નં -૮ માં કોરોનાનુ સંક્રમણ વધી રહ્યુ છે. હાલની સ્થિતિમાં સે-૪ અને સે-૫ માં ઘરે ઘરે કોરોનાના કેસ છે. સે-૫ માં સ્થિતિ અત્યંત ગંભીર છે. અલબત્ત સે-૫ માં મોટાભાગનો વિસ્તાર સંક્રમિત છે. ત્યારે આ વિસ્તારોને અલગ તારવી કન્ટેન્ટમેન્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવે તે અનિવાર્ય છે. આ ઉપરાંત કોરોનાના વધતા કેસને ધ્યાનમાં રાખીને વોર્ડ નં - ૮ માં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારમાં સંપુર્ણ રીતે સેનેટાઈઝેશન કરવામાં આવે તે પણ અનિવાર્ય છે. કોરોનાના વધતા કેસને ધ્યાનમાં રાખી યોગ્ય આયોજન કરવા માટે તેમણે રજુઆત કરી છે.

ઝાયડસની ZyCoV-D મે મહિનાના અંતમાં, આ વેક્સિનના ત્રણ ડોઝ લેવા પડશે

કંપનીના સૂત્રોએ કહ્યું હતું કે આ રસી દેશના ડીએનએ આધારિત છે અને તે બાળકોને પણ આપી શકાશે, અત્યારે ૧૫ કરોડ ડોઝ બજારમાં મૂકવાની તૈયારી

ગાંધીનગર, તા. ૧૬

કોરોના સામે ગુજરાત લડી રહ્યું છે ત્યારે ખુદ ડોક્ટરો કહી રહ્યાં છે કે વેક્સિન એક જ એવો ઉપાય છે કે જે કોરોના સામે હાલ રક્ષણ આપી શકે છે. જેની બહુ લાંબા સમયથી રાહ જોવામાં આવી રહી છે તે ઝાયડસ કેડિલાની વેક્સિનને હજી બજારમાં આવતાં એક થી દોઢ મહિનો થશે પરંતુ રાહતની બાબત એવી છે કે આ વેક્સિન બાળકોને પણ આપી શકાશે.

અત્યારે કોવેક્સિન અને કોવિશિલ્ડ એમ બે વેક્સિન આપવામાં આવી રહી છે અને તે ૪૫ વર્ષથી ઉપરના લોકોને મળે છે. હવે રશિયાની સ્પુટનિક-વી ને પણ ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવી છે. ગુજરાતની ખ્યાતનામ ફાર્મા કંપની ઝાયડસની ઝાયકોવ-ડી મે મહિનાના બીજા ભાગમાં કે જૂન મહિનામાં આવી રહી છે. આ વેક્સિન બાળકો પણ લઈ શકશે.

કોવિડ સામે લડવા માટેની આ વેક્સિન થર્ડ જનરેશન ડીએનએ આધારિત છે અને ઝાયડસ તેના ૧૫ કરોડ જેટલા ડોઝ તૈયાર કરી શકે તેવી સુવિધા ઉભી કરવામાં આવી છે. આ વેક્સિન લોંચ થયા પછી તેનું ઉત્પાદન બમણું કરવાની કંપનીની તૈયારી છે.

હાલ દેશમાં બાળકો માટે કોરોનાની કોઈ વેક્સિન ઉપલબ્ધ નથી ત્યારે ઝાયડસ કેડિલાએ આ વયજૂથ માટે પણ ક્લિનિકલ ટ્રાયલ શરૂ કર્યા છે. યુએસમાં જ્હોનસન એન્ડ જ્હોનસન દ્વારા આ વયજૂથના બાળકો માટે વેક્સિના ટ્રાયલ શરૂ થયાં છે પરંતુ તેના પરિણામની હજી રાહ જોવાઈ રહી છે.

જીછઈજી ઝ્ર્ર વાયરસ સામે રક્ષણ આપતી વેક્સિનનું કેડિલા હેલ્થકેર ત્રીજા ફેઝનું ક્લિનિકલ ટ્રાયલ કરી રહ્યું છે જેમાં બાળકો અને પુખ્તવયના લોકો સાથે કુલ ૨૮૦૦૦ વોલિયન્ટરોએ ભાગ લીધો છે. દેશભરના ૪૦ કેન્દ્રોમાં આ ટ્રાયલ ચાલુ છે. સુરક્ષા અને ક્ષમતાની દ્રષ્ટીએ ઝાયડસને પહેલા બે ફેઝમાં આશાસ્પદ પરિણામ મળ્યાં છે. બીજા ફેઝના ટ્રાયલમાં ૧૨ થી ૧૮ વર્ષના વોલિયેન્ટરોનો સમાવેશ કર્યો હતો.

વાયરસમાં મ્યૂટેશન થઈ રહ્યું છે ત્યારે આ વેક્સિનના ત્રણ ડોઝ કંપનીને સ્પર્ધામાં આગળ રાખશે તેમ કહી શકાય છે. પ્લાઝમિડ ડીએનએ હોસ્ટ સેલમાં દાખલ કરવામાં આવે છે ત્યારે વાયરસ પ્રોટીનમાં તેનું રૂપાંતર થાય છે જે રોગ પ્રતિકારક પ્રભાવ પેદા કરે છે અને શરીરના રોગો તેમજ વાયરસ સામે લડવાની શક્તિ આપે છે.

અગાઉ કંપનીના બે અધિકારીએ કહ્યું હતું કે ત્રીજા તબક્કાની ટ્રાયલના પરિણામ મે મહિનામાં આવી જશે ત્યારબાદ ડ્રગ્સ કન્ટ્રોલ જનરલ ઓફ

અનુસંધાન પાના ન.૭

કડલાલ વળાદરા બ્રાહ્મણ બેસણું

સ્વ. ધ્રુવકુમાર ગણપતરામ જોષી

અમારા પૂજ્ય પિતાશ્રી ધ્રુવકુમાર ગણપતરામ જોષી (Retd. Dy.C.F, વન વિભાગ) હાલ ગાંધીનગર નિવાસી તા. ૧૪/૦૪/૨૦૨૧ ના રોજ કૈલાસવાસી થયેલ છે. કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ટેલીફોનીક બેસણું તા.૧૮/૦૪/૨૦૨૧, રવિવારે સવારે ૯ થી ૧૧ વાગ્યા સુધી રાખેલ છે.

લિ.

ડો. મયુર જોષી, મે. ટ્રસ્ટી, ઉદગમ ટ્રસ્ટ, ૯૪૨૭૩૮૦૭૮૮ (પુત્ર)
શ્રી ચાણક્ય જોષી, બિન અનામત આયોગ, ૯૪૨૬૨૭૨૩૩૦ (પુત્ર)
શ્રી કિર્તીભાઇ જોષી, કોન્ટ્રાક્ટર, ૯૪૨૬૪૫૭૧૬૬ (ભાઈ)
ડો. રાજેન્દ્ર જોષી, અંગત સચિવ,
નાયબ મુખ્યમંત્રી,૯૯૭૮૪૦૫૮૯૧ (ભાઈ)
હિતેશ્વરી પી. જોષી (એડવોકેટ, નડિયાદ) ૯૮૭૯૪૪૧૦૯૦ (પુત્રી)
અપર્ણા એન. રાવલ (વાસ્મો, ગાંધીનગર) ૯૯૭૮૪૪૪૦૬૧૨ (પુત્રી)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com